દાખલ તારીખ :–૧૯/૧૧/૨૦૨૫
નોંધ્યા તારીખ :–૧૯/૧૧/૨૦૨૫
ફેંસલ તારીખ :– ૦૧/૦૭/૨૦૨૬
સમયગાળો :–વર્ષ–માસ–દિવસ
૦૦ – ૦૭ – ૧૨

**ભિલોડાના એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,ભિલોડા,જિ. અરવલ્લી.**

**ફોજદારી કેસ નં.૧૮૩૦/૨૦૨૫**
**આંક :૧૮**

**–:: ફોર્મ–એ ::–**

| | |
|---|---|
| **એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ભિલોડા – અરવલ્લી**<br>હુકમની તારીખ:–૦૧/૦૭/૨૦૨૬<br>**ફોજદારી કેસ નંબર:–૧૮૩૦/૨૦૨૫** | |
| પોલીસ સ્ટેશન | શામળાજી પો.સ્ટે.ગુ.રજી.નં.૩૩૩/૨૦૨૦ |
| ગુન્હો | ભારતીય દંડ સંહીતાની કલમ–૪૨૭,૩૩૭,૧૧૪ મુજબ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| **ફરીયાદી તર્ફે** | **વિ.એ.પી.પી.શ્રી. એમ.પી.કલહટ** |
| –:: વિરૂધ્ધ ::– | |
| આરોપી | (૧) ધવલકુમાર નરેશભાઈ કટારા,<br>ઉ.વ.૧૮,ધર્મે–હીન્દુ,ધંધો–ખેતી,<br>(૨) અજયકુમાર પ્રવિણભાઈ કટારા,<br>ઉ.વ.૨૪,ધર્મે–હીન્દુ,ધંધો–ખેતી,<br>(૩) ભાવેશભાઈ પ્રવિણભાઈ કટારા,<br>ઉ.વ.૨૬,ધર્મે–હીન્દુ,ધંધો–ખેતી,<br>(૪) ગોવિંદભાઈ બચુભાઈ કટારા,<br>ઉ.વ.૧૯,ધર્મે–હીન્દુ,ધંધો–ખેતી,<br>રહે.શામળાજી પો.સ્ટે.ની પાછળ,શામળાજી,<br>તા.ભીલોડા,જી.અરવલ્લી. |

| આરોપીઓ તર્ફે | વિ.વકીલશ્રી :–એન.બી.મેણા |
|---|---|

**–:: ફોર્મ–બી ::–**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૨૫/૦૯/૨૦૨૦ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૨૫/૦૯/૨૦૨૦ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૧૯/૧૧/૨૦૨૫ |
| તહોમતનામું ફરમાવ્યા તારીખ | તા.૧૭/૦૨/૨૦૨૬ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ | તા.૨૬/૦૫/૨૦૨૬ |
| હુકમ ઉપર લીધેલાની તારીખ | તા.૩૦/૦૫/૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યા તારીખ | તા.૦૧/૦૭/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | – |

**–:: આરોપીની વિગત ::–**

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૧) થી (૪) |
| આરોપીનું નામ | (૧) ધવલકુમાર નરેશભાઈ કટારા,<br>(૨) અજયકુમાર પ્રવિણભાઈ કટારા,<br>(૩) ભાવેશભાઈ પ્રવિણભાઈ કટારા,<br>(૪) ગોવિંદભાઈ બચુભાઈ કટારા, |
| ધરપકડ કર્યા તારીખ | આરોપી નં.૧ ને તા.૨૬/૦૯/૨૦૨૦<br>આરોપી નં.૨ ને તા.૧૩/૧૦/૨૦૨૦<br>આરોપી નં.૩,૪ ને તા.૨૦/૧૦/૨૦૨૦ |
| જામીન મુકત કર્યા તારીખ | આરોપી નં.૧ ને તા.૨૬/૦૯/૨૦૨૦<br>આરોપી નં.૨ ને તા.૧૩/૧૦/૨૦૨૦<br>આરોપી નં.૩,૪ ને તા.૨૦/૧૦/૨૦૨૦ |
| કયો ગુન્હો નોંધાયેલ | ભારતીય દંડ સંહીતાની કલમ–૪૨૭, ૩૩૭, ૧૧૪ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. |
| સજા કર્યાની વિગત | – |
| ક્રી.પો.કોડની કલમ | – |

| | |
|---|---|
| ૪૨૮ મુજબ ન્યાયીક કાર્યવાહી દરમીયાન જેલમા રહેલ સમય | |

**–:: ફોર્મ–સી ::–**

**એ – ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| ૧. | અમિતકુમાર પ્રેમાનંદભાઈ સુવેરા | ફરીયાદી | ૧૩ |
| ૨. | નિકુલભાઈ અશોકભાઈ પટેલ | સાહેદ | ૧૫ |

**બી– આરોપીપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :– સાહેદો તપાસેલ નથી.**

**સી– અદાલતે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–સાહેદો તપાસેલ નથી.**

**એ– ફરીયાદપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:–**

| **ક્રમ** | **વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૪ |
| ૨. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૬ |
| ૩. | કલોઝીંગ પુરસીસ | ૧૭ |

**બી– બચાવપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**સી– અદાલત ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.**

**ડી– અદાલત સમક્ષ લેવામા આવેલ તકરારો તથા તેનુ વર્ણન :– નથી.**

**–:: ઠરાવ ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપીઓએ મોજે.શામળાજી નજીક શ્યામલવન બગીચા પાસે વેણપુર તરફ જતા હાઈવે રોડ ઉપર ફરીયાદીની મારુતી વિટારા બ્રેઝા નં.જીજે–૨૭–બી.ઈ.

–૩૬૬૮ ને આગળના કાચના ભાગે તેમજ બોનેટના ભાગે તેમજ સાહેદ નિકુલકુમાર અશોકભાઈ પટેલનાઓની હોન્ડા સીટી ગાડી નં.જીજે–૦૧ –આર.જે.–૯૫૯૪ ને ડાબી બાજુની સાઈડ લાઈટને છુટા પથ્થરો મારી બંને ગાડીને નુકસાન કરી નાસી જઈ,ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી,ગુનો કરી,ભારતીય દંડ સંહીતાની કલમ–૪૨૭,૩૩૭,૧૧૪ મુજબ શિક્ષાનેપાત્ર ગુનો કર્યાની અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આરોપીઓને પ્રોસેસ કાઢતાં અને હાજર થતાં,ક્રિ. પ્રો.કો.ની કલમ–૨૦૭ મુજબ આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડેલ છે તથા ભારતીય દંડ સંહીતાની કલમ–૪૨૭, ૩૩૭,૧૧૪ મુજબના શિક્ષાનેપાત્ર ગુના સબબ આંક–૦૭ થી તહોમતનામુ ફરમાવી આંક–૦૮ થી ૧૧ સુધી આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં,આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતાં કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરિયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા નીચે મુજબ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **સાહેદનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| ૧. | અમિતકુમાર પ્રેમાનંદભાઈ સુવેરા | ફરીયાદી | ૧૩ |
| ૨. | નિકુલભાઈ અશોકભાઈ પટેલ | સાહેદ | ૧૫ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| **ક્રમ** | **વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૪ |
| ૨. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૬ |
| ૩. | કલોઝીંગ પુરસીસ | ૧૭ |

(૪) ત્યારબાદ ક્રિ.પ્રો.કો.ની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ,જેમાં પણ આરોપીઓએ ફરીથી ગુનાનો ઈન્કાર કરેલ છે અને બચાવના સાહેદો તપાસવા નથી તેવુ જાહેર કરેલ છે.તેઓના વિશેષ નિવેદનમાં તેમના વિરુધ્ધ ખોટો કેસ કરેલ હોવાનુ અને તેઓ નિર્દોષ હોવાનુ જણાવેલ છે.

(૫) આ કામમાં ફરિયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રી.એમ.પી.કલહટ તથા બચાવપક્ષે વકીલશ્રી એન.બી.મેણાની દલીલો સાંભળી.

(૬) ઉપરોકત હકીકત તથા પડેલ પુરાવાઓ ઉપરથી આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદાઓ ઉપસ્થિત થાય છે.

**–::<u>મુ દા</u> ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે,આરોપીઓએ મોજે.શામળાજી નજીક શ્યામલવન બગીચા પાસે વેણપુર તરફ જતા હાઇવે રોડ ઉપર ફરીયાદીની મારુતી વિટારા બ્રેઝા નં.જીજે–૨૭–બી.ઈ.–૩૬૬૮ને આગળના કાચના ભાગે તેમજ બોનેટના ભાગે તેમજ સાહેદ નિકુલકુમાર અશોકભાઈ પટેલનાઓની હોન્ડા સીટી ગાડી નં .જીજે–૦૧–આર.જે.–૯૫૯૪ ને ડાબી બાજુની સાઈડ લાઈટને છુટા પથ્થરો મારીબંને ગાડીને નુકસાન કરી નાસી જઈ,ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી,ગુનો કરી,ભારતીય દંડ સંહીતાની કલમ–૪૨૭,૩૩૭,૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે? |
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારમાં |
| (૨) | આખરી હુકમ મુજબ. |

**<u>કારણો અને ચર્ચા</u> :–**

(૮) ફરીયાદપક્ષે ફરીયાદી અમિતકુમાર પ્રેમાનંદભાઈ સુવેરાને આંક –૧૩ થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે,''બનાવ આજથી પાંચેક વર્ષ પહેલા બનેલો.બનાવમાં હુ મારી વીટારા બ્રેજા ગાડી નં.જીજે–૨૭–બીઈ –૩૬૬૮ ની લઈને લુસડીયા તરફ જતો હતો તે વખતે રાત્રીના સાડા નવેક વાગેના સમયે અજાણ્યા ઈસમો રોડ ઉપર ઉભેલા હતા અને હુ પેટ્રોલ ભરાવવા જતો હતો ત્યારે ગાડી ઉપર પથ્થરમારો કરેલો પરંતુ કોણ ઈસમો હતા તે મને ખબર નથી.બનાવમાં મેં શંકા આધારે આરોપીઓ વિરુઘ્ધ ફરીયાદ આપેલી.મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે ઓળખી બતાવી રજુ કરુ છુ જે દા.આંક–૧૪ આપવામાં આવે છે.આરોપીઓ સાથે અમારે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે તથા હાલનો કેસ આગળ ચલાવવો નથી કે કોઈ સાક્ષી તપાસવાના નથી.આ સીવાય બીજુ કઈ બનેલ નહી.''સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરતા એવુ જણાવે છે કે,''એ વાત ખરી છે કે,બનાવમાં મારી ગાડીને કોણે પથ્થર મારી નુકસાન કરેલ તેની મને ખબર નથી.એ વાત ખરી છે કે,આરોપીઓ સાથે ઘરબહાર રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે.''

(૯) ફરીયાદપક્ષે સાહેદ નિકુલભાઈ અશોકભાઈ પટેલને આંક–૧૫ થી તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે,''બનાવ આજથી પાંચેક વર્ષ પહેલા બનેલો.બનાવમાં મારી હોન્ડા સીટી ગાડી નં.જીજે.૦૧.આર.જે.૯૫૯૪ને કોઈ આરોપીઓએ ગાડી ઉપર પથ્થરમારો કરેલો પરંતુ કોણ ઈસમો હતા તે મને ખબર નથી.બનાવમાં મેં શંકા આધારે શામળાજી પોલીસ સ્ટેશનમાં જે તે વખતે જાણ કરેલી પરંતું હાલ મને બનાવ અંગે કંઈ યાદ નથી.આરોપીઓ સાથે અમારે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે તથા હાલનો

કેસ આગળ ચલાવવો નથી કે કોઈ સાક્ષી તપાસવાના નથી.આ સીવાય બીજુ કઈ બનેલ નહી.''સદર સાહેદની બચાવપક્ષ તરફે ઉલટતપાસ કરતા એવુ જણાવે છે કે,''એ વાત ખરી છે કે,બનાવમાં મારી ગાડીને કોણે પથ્થર મારી નુકસાન કરેલ તેની મને ખબર નથી.એ વાત ખરી છે કે,આરોપીઓ સાથે ઘરબહાર રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે.''

**<u>આખરી ચર્ચા</u> :–**

**(૧૦)** આમ,ફરીયાદપક્ષે રજુ તમામ પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના ફરીયાદી તથા સાહેદે તેઓની સરતપાસમાં બનાવને અનુરુપ હકીકત જણાવેલ છે તથા સરતપાસમાં બનાવમાં ગાડી ઉપર પથ્થરમારો કરેલો પરંતુ આ પથ્થરમારો કરનાર ઈસમો કોણ હતા તે ખબર નથી તથા શંકા આધારે આરોપીઓ ઉપર ફરીયાદ કરેલી તેવુ જણાવે છે.વધુમાં ફરીયાદપક્ષે ફરીયાદી તથા સાહેદની ઉલટતપાસ કરતાં બનાવમાં તેમની ગાડીઓને કોણે પથ્થર મારી નુકસાન કરેલ તેની ખબર ન હોવાનુ જણાવે છે તથા આરોપીઓ સાથે ઘરબહાર રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે તેવુ જણાવે છે જેથી તે સંજોગોમાં તપાસ કરનાર અમલદારને તપાસવાનો કોઈ અર્થ રહેતો નથી.આમ,ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો રેકર્ડ પર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.આમ,આ કામમાં પડેલ પુરાવો જોતાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી અને તેથી **મુદા નં.૧** નો નિર્ણય **નકારમાં** ઠરાવી **મુદા નં.૨** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**// <u>આ ખ રી હુ ક મ</u> //**

આ કામના આરોપીઓને સી.આર.પી.સી.ની કલમ–૨૪૮(૧) મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ–૪૨૭,૩૩૭,૧૧૪ મુજબના ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

**(૨)** આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમયના જામીન રકમ રૂા.૫,૦૦૦/– ના રજુ કરવા.

હુકમ આજ તા.**૦૧ લી,**માહે–**જુલાઈ,**સને–**૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ :૦૧/૦૭/૨૦૨૬
સ્થળ : ભિલોડા.

(એમ.એ.મકરાણી)
એડીશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ભિલોડા
જીજે ૦૧૦૦૭